


# આહ્વાન

**A Monthly Bulletin of Shahpur Methodist Church**

Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.



Email : revrajuparmar@gmail.com

Visit us at : www.shahpurmethodistchurch.com

Pastor : Rev. Raju N. Parmar

(M) 8238260259



વર્ષ - ૫૬ | ઓક્ટોબર-૨૦૨૬ | પત્ર - ૧૫૭


# પ્રભુભોજન

ખ્રિસ્તમાં વ્હાલા ભાઈઓ અને બહેનો, પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામમાં પ્રેમી સલામ.

પ્રભુભોજનને પ્રભુની પવિત્ર મેજ, રોટલી ભાંગવાની સંગત તરીકે ઓળખવામાં આવે છે. રોટલી પ્રભુ ઈસુના શરીરનું અને દ્રાક્ષારસ પ્રભુ ઈસુના રક્તનું પ્રતિનિધિત્વ કરે છે. પ્રભુભોજન એક પવિત્ર સંસ્કાર છે, જેની સ્થાપના પ્રભુ ઈસુ ખ્રિસ્તે કરી હતી. માથ્થી ૨૬:૨૬-૨૮ અને તેઓ ભોજન કરતા હતા ત્યારે ઈસુએ રોટલી લઈને, તથા આશીર્વાદ માંગીને ભાંગી અને શિષ્યોને તે આપીને કહ્યું કે, લો ખાઓ, એ મારું શરીર છે અને તેણે પ્યાલો લઈને તથા સ્તુતિ કરીને તેઓને આપીને કહ્યું કે, તમે સહુ એમાંનું પીઓ. કેમ કે નવા કરારનું એ મારું લોહી છે, જે ઘણાઓને સારું વહેવડાવવામાં આવે છે.

પ્રભુભોજનનું મૂળ અને સ્થાપના : પ્રભુભોજન પ્રભુ ઈસુ ખ્રિસ્ત મરણ પામ્યા તેની આગલી સાંજે આપણા પ્રભુ ઈસુ દ્વારા પ્રથમ વખત પળાવવામાં આવ્યું હતું. આ તો પાસ્ખા પર્વનું પાસ્ખા ભોજન હતું કે જે પ્રભુ ઈસુના જીવનના છેલ્લા અઠવાડિયા દરમિયાન લેવામાં આવ્યું હતું. ઈશ્વરે યહૂદી લોકોને આજ્ઞા ફરમાવી હતી કે તેઓ મિસરના છુટકારાની યાદગીરીમાં પ્રતિ વર્ષે તેની ઉજવણી કરે. નિર્ગમન ૧૨:૧-૨૦ ઈશ્વરે પાસ્ખા પર્વ દરમિયાન કેવળ બેખમીર રોટલી ખાવામાં આવે તેવી આજ્ઞા આપી હતી. ૧ કરિંથી ૫:૭ પ્રભુ ઈસુ ખ્રિસ્ત આપણા માટે પાસ્ખાનું બલિદાન બન્યા છે. પાસ્ખામાં હલવાન કાપવામાં આવતું હતું અને તેનું રક્ત છાંટવામાં આવતું હતું. પ્રભુ ઈસુએ જૂના કરારના આ સંસ્કારમાં નવો અર્થ પૂર્યો હતો. પ્રભુ ઈસુના બલિદાન દ્વારા તેમના પરના વિશ્વાસથી પાપમાંથી મુક્તિ મળે છે.

પ્રભુભોજન શા માટે પાળવામાં આવે છે ? : પ્રભુભોજન પાળવાની આજ્ઞા છે. માથ્થી ૨૬:૨૬-૨૮, માર્ક ૧૪:૨૨-૨૫, લૂક ૨૨:૧૯, આપણે પ્રભુ ઈસુ ખ્રિસ્તની આજ્ઞાને આધીન થઈને પ્રભુભોજનના ભાગીદાર બનીએ છીએ.

પ્રભુ ઈસુ ખ્રિસ્તના મરણની યાદગીરી અને સાક્ષીનું કૃત્ય છે : લૂક ૨૨:૧૯ પછી તેણે રોટલી લઈને સ્તુતિ કરીને ભાંગી અને તેઓને આપીને કહ્યું કે, આ મારું શરીર છે, તે તમારે સારું આપવામાં આવે છે, મારી યાદગીરીમાં આ કરો. પ્રભુ ઈસુ ખ્રિસ્તના મરણને પ્રગટ કરવા આપણે પ્રભુભોજનમાં ભાગીદાર બનીએ છીએ. ૧ કરિંથી ૧૧:૨૪-૨૬.

પ્રભુ ઈસુ ખ્રિસ્તના રક્તમાં માફી છે : માથ્થી ૨૬:૨૮, નવા કરારનું આ મારું લોહી જે પાપોની માફીને અર્થે વહેવડાવવામાં આવ્યું છે.

સંગત, સ્તુતિ અને આભાર પ્રદર્શિત કરવામાં આવે છે. ૧ કરિંથી ૧૦:૧૬-૧૭, આશીર્વાદ જે પ્યાલા પર આપણે આશીર્વાદ માંગીએ છીએ તે શું ખ્રિસ્તના રક્તની સંગતરૂપ નથી ? આ સંગત કેવળ ખ્રિસ્ત સાથે જ નહિ પણ આપણા સાથી વિશ્વાસીઓ સાથે પણ છે.

પ્રભુ ઈસુ ખ્રિસ્તના પુનરાગમનની આશા પ્રગટ કરે છે. : ૧ કરિંથી ૧૧:૨૬ કેમ કે જેટલીવાર તમે આ પ્યાલો પીઓ છો તેટલી વાર તમે પ્રભુના આવતાં સુધી તેનું મરણ પ્રગટ કરો છો. પ્રભુ ઈસુ ખ્રિસ્તના પુનરાગમનની આશામાં આપણે તેના ભાગીદાર બનીએ છીએ.

પ્રભુભોજન કેવી રીતે લેવું જોઈએ ? : પ્રભુભોજન લેતા પહેલા આત્મ પરીક્ષા કરવી જોઈએ. ૧ કરિંથી ૧૧:૨૮ પણ દરેક માણસે પોતપોતાની પરીક્ષા કરવી અને એમ કરીને રોટલીમાંથી ખાવું ને પ્યાલામાંથી પીવું. ગી.શા. ૧૩૯:૨૩, હે ઈશ્વર મારી પરીક્ષા કર અને મારું અંતઃકરણ ઓળખ, મને પારખ અને મારા વિચારો જાણી લો. પોતાની પરીક્ષા કરવી એટલે કે બારીકાઈથી તપાસ કરવી, કાળજીપૂર્વક ખોજ કરવી, નિરીક્ષણ કરવું અને કસોટી કરવી, દરેક માણસે પોતાની પરીક્ષા કરવી એમ કરીને રોટલીમાંથી ખાવું અને પ્યાલામાંથી પીવું.

પ્રભુભોજન અયોગ્ય રીતે ન પાળવું જોઈએ : ૧ કરિંથી ૧૧:૨૭ એ માટે જે કોઈ માણસ અયોગ્ય રીતે પ્રભુની રોટલી ખાશે કે તેનો પ્યાલો પીશે, તે પ્રભુના શરીરનો તથા રક્તનો અપરાધી થશે. આપણે અયોગ્ય રીતે પ્રભુભોજનના ભાગીદાર થવું જોઈએ નહિ. આપણે પ્રથમ પોતાની પરીક્ષા કરવી આપણા પાપોની કબૂલાત કરવી અને પશ્ચાતાપ કરવો આવશ્યક છે. તે પછી જ પ્રભુભોજનના ભાગીદાર થવું જોઈએ.

પ્રભુભોજન કબૂલાત અને પશ્ચાત્તાપ સાથે ખ્રિસ્તના મરણને યાદ કરવાનો સમય છે. : ખ્રિસ્તના મરણને લીધે આપણને ક્ષમા અને અનંતજીવન પ્રાપ્ત થાય છે. પ્રભુભોજનમાં ભાગીદાર થવા દ્વારા આપણે આ આશીર્વાદો માટે આપણું આભારીપણું પ્રગટ કરીએ છીએ. પ્રભુભોજનમાં વિશ્વાસ દ્વારા ભાગીદાર થવાથી જ આપણે પ્રભુભોજનની આંતરીકિ કૃપા પ્રાપ્ત કરીએ છીએ. પ્રભુભોજન પ્રભુ ઈસુ ખ્રિસ્તની યાદગીરીમાં પાળવામાં આવતો પવિત્ર સંસ્કાર છે. માટે આવો આપણે આત્મપરીક્ષા કરીએ અને કબૂલાત પશ્ચાતાપ અને પૂરી સભાનતામાં પ્રભુભોજનની પવિત્ર મેજની સંગતના ભાગીદાર બનીએ.

## BIRTHDATE IN OCTOBER

| | | | |
|---|---|---|---|
| ૩/૧૦ તેજસ્વી રોહિત ફ્રાન્સીસ | ૯/૧૦ રીયાન એસ. માસ્ટર | ૧૭/૧૦ રોઝમેરી રાજેશભાઈ રાઠોડ | ૨૫/૧૦ દિશા મિલીન્દ કાપડીઆ |
| ૩/૧૦ ખ્રિસ્તી જયશ્રી સુનિલભાઈ | ૯/૧૦ વિનોદ એફ. રાઠોડ | ૧૭/૧૦ એલેક્ષ નોએલ ક્રિસ્ટી | ૨૮/૧૦ કમલેશ એડવીનભાઈ મસિહી |
| ૩/૧૦ ખ્રિસ્તી રૂચિત સુનિલભાઈ | ૯/૧૦ વિહાન વિનોદ રાઠોડ | ૧૮/૧૦ સ્મિતલત્તા રાજેશ ક્રિશ્ચિયન | ૨૮/૧૦ માર્ટીના તનયકુમાર વાઘેલા |
| ૭/૧૦ એશલિન નિલય ચૌહાણ(કેનેડા) | ૧૩/૧૦ પ્રતિમાબેન એ. માસ્ટર | ૨૩/૧૦ શર્મિલા સુદીપ અર્લિક | ૨૯/૧૦ પ્રફુલ્લ એ. વિન્સેન્ટ |
| ૭/૧૦ એરિક નિલય ચૌહાણ(કેનેડા) | ૧૫/૧૦ પ્રાર્થન એસ.મેકવાન (U.S.A.) | ૨૩/૧૦ રાજશ્રી ડી. મેકવાન (U.S.A.) | ૩૦/૧૦ સંગીતા નિલેશ પરીખ |
| ૭/૧૦ આર્નોન થોમસ ક્રિશ્ચિયન | ૧૬/૧૦ નેન્સી અતુલભાઈ મહિડા | ૨૫/૧૦ નિલય મનોજકુમાર ચૌહાણ (કેનેડા) | ૩૧/૧૦ રાજેશ એસ. ક્રિશ્ચિયન (U.S.A.) |
| ૮/૧૦ અંકુર એસ. સોલોમન | ૧૬/૧૦ સ્નેહાબેન આર. હિવાળે | | ૩૧/૧૦ પ્રતિજ્ઞા સુનિલભાઈ ક્રિશ્ચિયન |

## ગત માસનાં કાર્ય તરફ દ્રષ્ટિપાત : સપ્ટેમ્બર -૨૦૨૬

- તા. ૨-૯-૨૦૨૬, પાલડી વિસ્તારમાં શ્રી પ્રશાંતભાઈ એસ. ક્રિશ્ચિયનના ઘરે મિટીંગમાં મળ્યા હતા.
- તા. ૬-૯-૨૦૨૬, ટીચર્સ ડે સન્ડે તરીકે ઉજવવામાં આવ્યો. ભજનસેવામાં મેજની સંગતમાં જોડાયા. શિક્ષક તરીકે સેવા આપનાર તથા શિક્ષણ ક્ષેત્રે જોડાયેલા સર્વનું શ્રીમતી પ્રીમાબેન એસ. માસ્ટર દ્વારા અને સન્ડેસ્કૂલના બાળકો દ્વારા સુંદર કાર્ડસ તૈયાર કરી સર્વને આપ્યા હતા અને સર્વનું સન્માન કરવામાં આવ્યું હતું.
- તા. ૮-૯-૨૦૨૬, પાળક પ્રાર્થના સંગત અને અમરેલી મિશન ફિલ્ડની મુલાકાત કરવામાં આવી હતી.
- તા. ૧૩-૯-૨૦૨૬, સુવાર્તા પ્રચાર અને મિશન સન્ડે તરીકે ઉજવવામાં આવ્યો. મેથોડિસ્ટ મિશનેરી મુવમેન્ટના ડાયરેક્ટર રેવ. લીનસ ઈસાઈ પ્રભુના વચનોનું મનન કરાવ્યું હતું. ભજનસેવામાં વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ભજનસેવા બાદ પાસ્ટોરેટ કમિટીમાં મળ્યા હતા. એમ.વાય.એફ. દ્વારા ટુ વ્હીલર વોશીંગ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.
- તા. ૧૯-૯-૨૦૨૬, શ્રી સુનિલભાઈ કે. મેકવાનના નવા ઘરનું ઓપનીંગ અને આભારસ્તુતિની મિટીંગમાં મળ્યા હતા. કુટુંબને અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવવામાં આવે છે.
- તા. ૨૦-૯-૨૦૨૬, મેથોડિસ્ટ ચર્ચ, અમદાવાદ વેસ્ટમાં સ્વ-રોજગાર સેમિનાર રાખવામાં આવ્યો હતો. મંડળીના ભાઈઓ સાથે હાજરી આપી હતી. વર્ડ રીસાઉન્ડ ટુડે દ્વારા બાઈબલ ક્વીઝમાં મંડળીના ભાઈ બહેનોએ ભાગ લીધો હતો. મહિલા મંડળની સંગત મળી હતી.
- તા. ૨૬-૯-૨૦૨૬, માનનીય બિશપ ડૉ. ન્યુટન પરમાર સાહેબ અને મેડમ પ્રિતી પરમારનો કઠલાલ મુકામે આવકાર કાર્યક્રમમાં મંડળીના આગેવાનો સાથે ભાગ લીધો હતો.
- તા. ૨૭-૯-૨૦૨૬, ગુજરાત રીજીનલ મહિલા મંડળ દ્વારા બાઈબલ ક્વીઝમાં મંડળીના બહેનોએ ભાગ લીધો હતો.
- દર શુક્રવાર રાત્રે ૮-૦૦ કલાકે બાઈબલ અભ્યાસ અને પ્રાર્થના સંગતમાં મળ્યા હતા.

વર્ષ ૨૦૨૫-૨૬ વિદ્યાર્થી સન્માન સમારંભ તા. ૧૩-૯-૨૦૨૬ને રવિવારે ભજનસેવામાં વર્ષ ૨૦૨૫-૨૬ દરમ્યાન મંડળીમાં જે વિદ્યાર્થી ભાઈ-બહેનો ધો.-૧૦, ધો.-૧૨, ગ્રેજ્યુએટ પરીક્ષામાં ઉત્તિર્ણ થયેલ હતા તેઓ સર્વને મંડળી તરફથી ઈનામો આપવામાં આવ્યા હતા અને તેમની ઉજ્વળ કારકિર્દી માટે શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

## પાળક મારફતે મળેલ બર્થડે અને આભારસ્તુતિના દાનો

| | | |
|---|---|---|
| આર્થરભાઈ એ. પેટ્રીક | બર્થડે | ૨૦૦ |
| જીલ એમ. રાઠોડ | બર્થડે | ૫૦૦ |
| જીનલ સી. વરસડા | બર્થડે | ૫૦૦ |
| સ્વ. સતિષકુમાર આઈ. ક્રિસ્ટીની યાદમાં | આ.સ્તુ. | ૨૦૦ |
| સુરાગભાઈ કે. વાઘેલા | બર્થડે | ૩૦૦ |
| રૂફીનાબેન રાજ શાહ | એજ્યુ. | ૧૫૦૦ |
| રોનાલ્ડ આર. રાઠોડ | બર્થડે | ૧૫૦ |
| રોજર આર. રાઠોડ | બર્થડે | ૧૫૦ |
| સોનલબેન વી. દાસ | બર્થડે | ૫૦૦ |
| નેવિલ એન. ક્રિશ્ચિયન | બર્થડે | ૨૦૦ |
| નિલેશ્વરીબેન એન. ક્રિશ્ચિયન | આ.સ્તુ. | ૨૦૦ |
| એમ્બ્રોઝભાઈ એ. પેટ્રીક | બર્થડે | ૫૦૦ |
| રીટાબેન કીન | આ.સ્તુ. | ૨૦૦૦ |
| અલ્પાબેન આર. પરમાર | બર્થડે | ૫૦૦ |
| એન્જલીના આર. પરમાર | બર્થડે | ૫૦૦ |
| નોએલભાઈ એસ. ક્રિસ્ટી | આ.સ્તુ. | ૨૦૦ |
| નેન્સીબેન એ. મહિડા | આ.સ્તુ. | ૫૦૦ |
| ઈયાન એ. મહિડા | આ.સ્તુ. | ૫૦૦ |
| હેરોલ્ડ સી. ક્રિસ્ટી | બર્થડે | ૫૦૦ |
| સુનિલભાઈ કે. મેકવાન<br>નવા ઘરના ઓપનીંગ નિમિત્તે | આસ્તુ. | ૩૦૦૦ |
| નિક્સન જી. ક્રિશ્ચિયન | આ.સ્તુ. | ૫૦૦ |
| રૂપલબેન એન. ક્રિશ્ચિયન | આ.સ્તુ. | ૫૦૦ |

## નાણાંકીય અહેવાલ - ઓગસ્ટ - ૨૦૨૬

| | | |
|---|---|---|
| તા.૧-૮-૨૬ ની ઉઘડતી સિલક | | |
| | રોકડ | ૨૪૯૨૬-૮૮ |
| | બેંક | ૬૨૪૫૧૯-૫૯ |
| ઓગસ્ટ-૨૦૨૬ની | આવક | ૧૪૦૫૪૦-૦૦ |
| | કુલ | ૭૮૯૯૮૬-૪૭ |
| તા.૩૧-૮-૨૬ની બંધ સિલક | | |
| | રોકડ | ૩૪૪૦૬-૮૮ |
| | બેંક | ૬૩૧૪૨૫-૫૯ |
| ઓગસ્ટ-૨૦૨૬ની | જાવક | ૧૨૪૧૫૪-૦૦ |
| | કુલ | ૭૮૯૯૮૬-૪૭ |

ટ્રેઝરર, શ્રી શરદભાઈ એસ. માસ્ટર

## એમ.વાય.એફ. દ્વારા આયોજીત સોશિયલ વર્ક - ૨૦૨૬

ખ્રિસ્તમાં વહાલા સભ્યોને જણાવવાનું કે સ્થાનિક એમ.વાય.એફ. દ્વારા આયોજીત સોશિયલ વર્ક અંતર્ગત મંડળીના સભ્યોના ૨-વ્હીલર વાહનોનું ધોવાનું આયોજન તા. ૧૩-૯-૨૦૨૬ના રોજ ભક્તિસભા સમાપ્ત થયા બાદ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત મંડળીના ઘણા સભ્યોએ પોતાની ૨-વ્હીલ ધોવડાવી અને એમ.વાય.એફ.ના કાર્યશીલ જુવાનોને તેમના મહેનતાણાના ભાગરૂપે દાન આપી સહકાર આપ્યો હતો. અમુક સભ્યોએ તો એમજ દાન આપી જુવાનોને ઉત્તેજન પૂરું પાડ્યું હતું. આ કાર્યક્રમની સફળતા માટે ઈશ્વરપિતાનો ખાસ આભાર માનીએ છીએ. સાથે સાથે મંડળીના સ્થાનિક પાળક રેવ. રાજુ પરમાર સાહેબનો, પાસ્ટોરેટ કમિટીનો, મંડળીના સભ્યોનો અને ચર્ચના પગી સુલેમાનભાઈ ક્રિશ્ચિયનનો આભાર માનવામાં આવે છે. એમ.વાય.એફ.ને દાન આપનાર દાતાઓની યાદી નીચે મુજબ છે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| પ્રશાંત ક્રિશ્ચિયન | ૨૦૦ | શરદ માસ્ટર | ૧૦૦ | નિલેશ રાઠોડ | ૧૦૦ | આર્નોન પેલમોર | ૫૦ |
| શાલીન ગામડિયા | ૨૦૦ | ટ્વિંકલ ક્રિસ્ટી | ૧૦૦ | નોએલ ક્રિસ્ટી | ૧૦૦ | ક્રિસ્ટીના ગોહેલ | ૫૦ |
| ઓલ્ડ્રીચ ગામડિયા | ૨૦૦ | ફ્રાન્સિસ ગોહિલ | ૧૦૦ | સુનિલ મેકવાન | ૧૦૦ | એન્થની ક્રિશ્ચિયન | ૫૦ |
| વેલેન્ટીના દાસ | ૨૦૦ | લિનસ પેલમોર | ૧૦૦ | શાલિન માસ્ટર | ૫૦ | રેવ. રાજુ પરમાર | ૫૦ |
| એન્થની ઈમાનુએલ | ૨૦૦ | | | | | કુલ | ૧૯૫૦ |

પૂર્ણ સભાસદ : આપણી મંડળીમાં જેઓ પૂર્ણસભાસદ બનવા માંગતા હોય તેઓ તમે તમારા નામ પાળક સાહેબને નોંધાવશો.

આભાર સહ,

એમ.વાય.એફ. પ્રમુખ, કુ. એનેશા ડી. હેરી

આ બુલેટીન છાપવાનો તમામ ખર્ચ એક આશીર્વાદિત કુટુંબ તરફથી મળેલ છે. - આભાર